આપણા ભગવદીય વૈષ્ણવો-૨

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
‘આચાર્યશ્રીવલ્લભ’ હિન્દી માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા

અનુવાદ : પ્રો.ડો.શ્રીરામકૃષ્ણ વ્યાસ-વડોદરા

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

‘શ્રીરાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ, દિનેશ
મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

(૧)ચુનીભાઈ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઈ શાહ, (૩) વિનોદભાઈ શાહ
‘‘શ્રીરાધાકૃષ્ણકુંજ’’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૭, વૈશાખ સુદ, ઈ.સ. મે-૨૦૧૧

પ્રત - ૫૦૦

ન્યોછાવર - ૧૦ /- (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

અનુક્રમણિકા

પૃષ્ઠ
(૧) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીપદ્મનાથદાસજી (કનોજના) ૫-૯
(૨) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીત્રિપુરદાસ કાયસ્થ શેરગઢવાળા ૧૦-૧૩
(૩) શ્રીમહાપ્રભુજીના સેવક અષ્ટછાપ શ્રીપરમાનન્દદાસજી ૧૪-૧૬
(૪) શ્રીમહાપ્રભુજીના સેવક અષ્ટછાપ શ્રીકુંભનદાસજી ૧૭-૨૦
(૫) શ્રીમહાપ્રભુજીના સેવક અષ્ટછાપ શ્રીસૂરદાસજી ૨૧-૨૪
(૬) શ્રીમહાપ્રભુજીના સેવક વેણીદાસના નાનાભાઈ માધોદાસ ૨૫-૩૦
(૭) શ્રીમહાપ્રભુજીના સેવક ગોવિંદદાસ ભલ્લા ક્ષત્રી ૩૧-૩૫
(૮) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીપ્રભુદાસ ૩૬-૪૦

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી 'આપણા ભગવદીય વૈષ્ણવ' પુસ્તિકા કે જેમાં આ સમ્પ્રદાયના ભગવદીય વૈષ્ણવોનો સંક્ષિપ્તમાં પરિચય આપવામાં આવ્યો છે તે પુસ્તિકા બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહી છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૬ થી ૮, ૯ થી ૧૨, ૧૩ થી ૧૮, ૧૯ થી ૨૫, ૨૬ થી ૩૭, તથા ૩૮ થી ૫૦ની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૪ જૂન થી ૧૦ જૂન ૨૦૧૧) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અન્વય-ભાવાર્થ સાથેની અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આજથી ૧૦ થી ૧૬ વર્ષ પૂર્વના સમયમાં અમારા દ્વારા સમ્પાદિત અને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ દ્વારા પ્રકાશિત 'આચાર્ય શ્રીવલ્લભ' ગુજરાતી માસિકપત્રમાં સ્તમ્ભરૂપે આ વિષય આપવામાં આવતો હતો અને તેનું લેખન વડોદરાના ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા દ્વારા કરવામાં આવતું હતું. તે અંકોમાંથી ઉદ્ધૃત કરીને તે પૈકીના કેટલાક આચાર્યોના પરિચયો આ પુસ્તિકામાં આપવામાં આવ્યા છે.

આ પ્રકાશનનાં કાર્યમાં ખંભાત(જી.આણંદ)ના એક વૈષ્ણવ પરિવારે શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં તત્પરતા દાખવી પોતાના દ્રવ્યનો આ સત્કાર્યમાં વિનિમય કર્યો તે બદલ તેમને બન્નેને અનેકશઃ ધન્યવાદો.

ગુજરાતી વિ.સં.૨૦૬૭,
વૈશાખ સુદ-૯, ગુરુવાર
૧૨-૫-૨૦૧૧-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

આપણા ભગવદીય વૈષ્ણવો-૨

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' માસિકપત્રમાંથી
સાભાર-ઉદ્ધૃત)

લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા

(૧) શ્રીમહાપ્રભુજીના સેવક

પ.ભ.શ્રીપદ્મનાભદાસજી (કનોજના)

પદ્મનાભદાસ કનોજના બ્રાહ્મણ હતા. તેઓ એટલા બધા ભાવથી ભાગવતની કથા કહેતા કે સાંભળનાર તેનાથી પ્રભાવિત થઈ દક્ષિણા તરીકે સારી એવી રકમ તેમને આપતા. તેનાથી તેમના કુટુંબનો જીવનનિર્વાહ સારી રીતે થતો. તેમણે આચાર્યશ્રીનો દિવ્ય પ્રતાપ અનુભવ્યો અને આપશ્રીનું શરણ સ્વીકાર્યું. આચાર્યશ્રીએ પહેલા તો તેમને નામ નિવેદન કરાવ્યું અને પછી તેમને આત્મનિવેદનમંત્ર આપ્યો. તે જ દિવસે બપોરે તેમને મહાપ્રભુજીના શ્રીમુખે ભગવત્કથા સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો.

ઉત્થાપનના સમયે જ્યારે શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ ભાગવતની કથા કહેવાના હતા તે સમયે તેઓ ત્યાં પહોંચી ગયા. આચાર્યશ્રીને દંડવત્ પ્રણામ કરી કથા સાંભળવા તેઓ બેસી ગયા. તે સમયે શ્રીમદાચાર્યચરણે તત્ત્વદીપનિબંધના સર્વનિર્ણય પ્રકરણના શ્લોકો સંભળાવ્યા.

अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात् ।
पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ॥
वृत्त्यर्थं नैव युञ्जीत प्राणैः कण्ठगतैरपि ।

અર્થાત્ હંમેશા આદરથી, કોઈ પણ પ્રકારની કામના રાખ્યા સિવાય, શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવો જોઈએ. કંઠે પ્રાણ આવી જાય તો ભલે, પરંતુ શ્રીમદ્ ભાગવતની કથા જીવનનિર્વાહ માટે કદી ન કરવી.

પદ્મનાભદાસે આ શ્લોકો સાંભળ્યા, પછી આપશ્રીના શ્રીમુખે દશમસ્કન્ધની કથા પણ સાંભળી. તેઓ વિચક્ષણ બુદ્ધિ ધરાવતા હતા તેથી શ્રીમદાચાર્યચરણના કહેવાનો આશય સમજી ગયા. તરત જ જમણા હાથમાં જલ લઈ તેમણે સંકલ્પ કર્યો કે આજથી જીવનનિર્વાહ માટે ભાગવત કથા નહીં કરું. તે જોઈ શ્રીમહાપ્રભુજીએ કહ્યું પદ્મનાભદાસ ! તમે તો ગૃહસ્થી છો; કથા નહીં કરો તો તમારો તથા તમારા કુટુંબનો નિર્વાહ કેવી રીતે થશે ? પદ્મનાભદાસે કહ્યું, મહારાજ ! મારો સંકલ્પ દૃઢ છે, આપશ્રીના પ્રમેયબળના આધારે મેં એ સંકલ્પ કર્યો છે. તેથી હવે જીવનનિર્વાહ માટે કથા નહીં કરું. પરંતુ હું બ્રાહ્મણ છું, તેથી ભિક્ષાવૃત્તિ કરીને જીવનનિર્વાહ કરીશ, શ્રીમહાપ્રભુજી કશું ન બોલ્યા.

પછી પદ્મનાભદાસ પોતાના એક યજમાનને ઘેર ભિક્ષાવૃત્તિ માટે ગયા. યજમાને આદરપૂર્વક તેમનો સત્કાર કર્યો. પરંતુ જ્યારે માંગવાનો વખત આવ્યો ત્યારે તેમણે વિચાર્યું, મેં મારા ગુરુદેવની સમક્ષ હું ભિક્ષાવૃત્તિથી જીવનનિર્વાહ કરીશ એવું કહ્યું હતું પરંતુ બ્રાહ્મણ હોવા છતાં હવે હું વૈષ્ણવ બન્યો છું. પહેલાં મારા ગળામાં માત્ર જનોઈ હતી, હવે મારા ગળામાં તુલસીમાળા પણ છે. સાચો વૈષ્ણવ ક્યારેય પણ કોઈની પાસે કશું ન માંગે, તે તો પ્રભુ પાસે પણ કશું ન માંગે. તેથી મારે માટે હવે માંગવાનો પ્રશ્ન રહેતો નથી. ગુરુદેવની આજ્ઞા છે :-

'प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्रायसंशयात्'

સાચા વૈષ્ણવનું લક્ષણ એ છે કે તેનો સ્વામી તેને જે સ્થિતિમાં રાખે

તે સ્થિતિમાં તેણે આનંદપૂર્વક રહેવું. સ્વામીની ઇચ્છામાં સંશય ન રાખવો.

હવે તેમણે નિર્ણય કર્યો, હું કદાપિ ભિક્ષાવૃત્તિ નહીં કરું, હું મહેનત મજૂરી કરીને જીવનનિર્વાહ કરીશ. પછી ક્યારેક તેઓ કોડીઓ વેચતા તો ક્યારેક તેઓ લાકડા કાપીને તે વેચીને જે કાંઇ ધન મળે તેના વડે પોતાનું અને કુટુંબનું પોષણ કરતા. આ રીતે તેમનો જીવનનિર્વાહ બહુ મુશ્કેલીથી થતો પરંતુ તેઓ હંમેશા પ્રસન્નચિત્ત રહેતા.

એક દિવસ પદ્મનાભદાસ શ્રીમહાપ્રભુજી સાથે વ્રજમાં ગયા હતા. મહાવનમાં તટ ઉપર આવેલ કર્ણાવલ ગામની પાસે એક રમણીય સ્થળે શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા, પ્રાતઃકાળનો સમય હતો, શ્રીમદાચાર્યચરણ યમુનાજીના કિનારે બેસી ભાગવતનો પાઠ કરતા હતા, શ્રીદામોદરદાસ તથા શ્રીપદ્મનાભદાસ વગેરે વૈષ્ણવો તે સાંભળી રહ્યા હતા. તે સમયે પ્રચંડ અવાજ સાથે યમુનાજીના કિનારા પરની એક ભેખડ તૂટી અને તેમાંથી એક બહુ જ મોટું ભગવત્‌સ્વરૂપ પ્રકટ થયું. તે સ્વરૂપે શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી, મારી સેવા કરો. શ્રીમહાપ્રભુજીએ કહ્યું, સ્વામી ! આપના આવા વિરાટ્ સ્વરૂપના સેવા શ્રૃંગાર કરવા એ અમારી શક્તિ મર્યાદાની બહારની વાત છે. જો આપ અમારી સેવા અંગીકાર કરવા ઇચ્છતા હો તો આપ નાનું સ્વરૂપ ધારણ કરો અને તે જ ક્ષણે શ્રીઠાકોરજીએ નાનું સ્વરૂપ ધારણ કર્યું. શ્રીમહાપ્રભુજીએ તેમને પોતાની ગોદમાં પધરાવ્યા અને તેમનું શ્રીમથુરાનાથજી એવું નામ રાખ્યું. પછી પદ્મનાભદાસે વિનંતી કરવાથી આપશ્રીએ તે સ્વરૂપ તેમના માથે પધરાવ્યું અને તેમની સેવા કરવાની આજ્ઞા કરી. પ્રેમ વિહ્વળ બનેલા પદ્મનાભદાસ શ્રીમથુરાનાથજીને પોતાને ઘેર લઇ ગયા અને પૂરા પ્રેમથી તેમની સેવા કરવા લાગ્યા.

કેટલાંક વર્ષો સુધી પદ્મનાભદાસજીએ અત્યંત પ્રેમ અને ઉત્કૃષ્ટ સેવાભાવથી શ્રીમથુરાનાથજીની સેવા કરી. એક દિવસ તેમણે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા અડેલ જવા વિચાર્યું, અને પોતાના ઠાકુરજીને સાથે લઇ સપરિવાર તેઓ અડેલ પહોંચી ગયા, શ્રીમદાચાર્યચરણનાં દર્શન કરીને થોડાક દિવસ તેઓ ત્યાં રહ્યા.

પરંતુ આપણે જાણીએ છીએ કે પદ્મનાભદાસ પોતાના કુટુંબના નિર્વાહ માટે કથા કે ભિક્ષાવૃત્તિ કરતા ન હતા. તેથી તેમને દ્રવ્યનો સંકોચ હંમેશ માટે રહેતો હતો. અડેલમાં તો દ્રવ્યનો સંકોચ બહુ મોટા પ્રમાણમાં રહેવા લાગ્યો. કિન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અને પોતાના શુભસંકલ્પને તેઓ વળગી રહ્યા. કંઠે પ્રાણ આવે તો પણ શું ? દ્રવ્યપ્રાપ્તિ માટે ન તો કથા કરવી, ન ભિક્ષાવૃત્તિ એવો એમનો નિર્ણય અટલ હતો, અને દ્રવ્ય તો તેમની પાસે હતું નહીં, અને ઠાકુરજીની સેવા તો હતી જ. ઠાકુરજીને ભોગ ધરાવવો પડે - હવે શું કરવું ?

પદ્મનાભદાસ પાસે થોડાક ચણા હતા. પદ્મનાભદાસે તે ચણા પલાડીને તેનો ભોગ ઠાકુરજીને ધરાવ્યો. પલાળેલા ચણાના અલગ અલગ ભાગ કરી તેમણે પતરાળામાં મૂક્યા પછી મનમાં ભાવના કરી તેમણે કહ્યું, પ્રભુ, આ ભાત છે, આ દાળ, આ શાક છે, આ દહીં, અને આ ખીર છે. સ્વામી મારા, આ વિવિધ પ્રકારની વાનગી આપ પ્રેમથી આરોગો. પદ્મનાભદાસના ઠાકુરજીએ તેમની ભાવના અનુસાર, બધા પ્રકારની સામગ્રી પ્રેમથી આરોગી પણ ખરી.

આ રીતે પદ્મનાભદાસ સેવા કરતા હતા. એક વૈષ્ણવે તે જોયું. તેમણે જઇને શ્રીમહાપ્રભુજીને બધી વાત કહી સંભળાવી. શ્રીમહાપ્રભુજીને તો ખબર હતી કે પદ્મનાભદાસ માનસી સેવાના અધિકારી છે, અને તેમના ઠાકુરજી તેમના ભાવ પ્રમાણે બધી સામગ્રી અંગીકાર કરે છે. તેમ છતાં તેમણે શ્રીઅક્કાજીને આજ્ઞા કરી કે પદ્મનાભદાસના ઉતારા ઉપર ભગવત્‌સેવા માટે રોજ સીધુ-સામગ્રી મોકલતા રહો.

આપશ્રીની આજ્ઞા પ્રમાણે બધી સામગ્રી પદ્મનાભદાસના ઉતારે પહોંચી ગઇ. તે જોઇ પદ્મનાભદાસની પુત્ર તુલસાંએ કહ્યું, પિતાજી, હવે

આપણે અહીંથી ઘેર જવાનો સમય આવી ગયો હોય તેમ લાગે છે, નહિતર ગુરુદેવ આ સામગ્રી આપણને શા માટે મોકલે ?

પદ્મનાભદાસ પોતાના ઠાકુરજી પાસે ગયા અને કહ્યું સ્વામી, જો આપ આચાર્યશ્રીને ઘેર રહેવા માંગતા હો તો આજ્ઞા કરો અને હું આપને તેમને ઘેર પધરાવી આવું. ત્યાં આપને જાત-જાતનાં મિષ્ટ ભોજન મળશે. પ્રભુ, મારી પાસે તો કેવળ છોલા-ચણા છે. ઠાકુરજીએ કહ્યું, પદ્મનાભદાસ ! તારા એ છોલા, શબરીનાં બોર, વિદુરની ભાજી, સુદામાના પૌંઆ કે મધુમંગલની છાશ કરતાં ઓછા સ્વાદિષ્ટ નથી. એનો સ્વાદ અલૌકિક છે, મને તારા એ ચણાના છોલા બહુ રુચિકર લાગે છે, તેનો અંગીકાર કરીને હું બહુ પ્રસન્ન થાઉં છું.

પછી પદ્મનાભદાસે એક નાવ ભાડે લીધી, પોતાના ઠાકુરજીને તેમાં પધરાવ્યા. બે દિવસ સુધી જે સામગ્રી શ્રીમહાપ્રભુજીને ઘેરથી આવી હતી તે તુલસાં સાથે પાછી મોકલાવી. અને આચાર્યશ્રીની આજ્ઞા લઇ તેઓ કનોજ જવા ઉપડ્યા.

જ્યારે આચાર્યશ્રીને ખબર પડી કે અક્કાજીએ મોકલાવેલ બધી સામગ્રી પદ્મનાભદાસે પાછી મોકલાવી છે ત્યારે આપશ્રીએ સૌ સેવકોને આજ્ઞા કરી. પદ્મનાભદાસ તદીય વૈષ્ણવ છે. વિવેક, ધૈર્ય અને આશ્રયનો મર્મ જેવો તે જાણે છે તેવો બહુ ઓછા વૈષ્ણવો જાણતા હશે. પ્રેમપૂર્વક કરેલી સેવાથી તેમણે ઠાકુરજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી છે. જે જીવ આવા અને આટલા પ્રેમથી પ્રભુસેવા કે ભગવત્‌કથા કરે તેનું પતન ક્યારેય ન થાય.

* * *

(૨) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીત્રિપુરદાસ કાયસ્થ શેરગઢવાળા

ત્રિપુરદાસ કાયસ્થ હતા, શેરગઢમાં રહેતા હતા. તેઓ શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવક, શ્રીઠાકુરજી તથા શ્રીમહાપ્રભુજીમાં અનન્ય ભાવ રાખતા પરમ ભગવદીય વૈષ્ણવ હતા.

તેઓ એક તુરક બાદશાહની ચાકરી કરતા હતા. પરંતુ સ્વધર્મનો નિર્વાહ સારી રીતે કરતા હતાં. વર્ષોવર્ષ તેઓ શ્રીનાથજીબાવા માટે રૂથી ભરેલી અને સુંદર ભરતકામ કરેલી એક બંડી ભેટ મોકલતા હતા. શ્રીનાથજીબાવાના ભક્તો તરફથી આવતી બધી ભેટોમાં તે બંડી અનોખીભાત પાડતી હતી. પરિણામે ઠંડીના દિવસોમાં શ્રીનાથજીબાવાને ટાઢ ન વાય તે માટે શ્રીગુસાંઇજી, ત્રિપુરદાસે મોકલાવેલ એ બંડી શ્રીનાથજીબાવાને ધરાવતા હતા. તે ઓઢીને શ્રીજીબાવા બહુ પ્રસન્ન થતા હતા.

આ રીતે કેટલાંક વર્ષો પસાર થયાં. ત્રિપુરદાસ રાજ્યમાં બહુ ઉંચા પદ ઉપર પહોંચી ગયા. પરંતુ એક સરખા દિવસ સુખના કોઈના જતા નથી એ ન્યાયે ત્રિપુરદાસની આર્થિક રીતે પડતીનો પ્રારંભ થયો. તુરક બાદશાહે ત્રિપુરદાસને પોતાના રાજ્યનો બધા વહીવટ સોંપ્યો હતો. એક દિવસ કેટલાક ઈર્ષાળુ સરદારોની કાન ભંભેરણીથી તેણે ત્રિપુરદાસ પાસે રાજ્યનો વહીવટ હિસાબ માંગ્યો. ત્રિપુરદાસે બધો હિસાબ રજૂ કર્યો. પરંતુ કાચા કાનના એ બાદશાહને તેનાથી સંતોષ ન થયો. તેણે સરદારોની ઉશ્કેરણીથી એવું માની લીધું કે ત્રિપુરદાસે રાજ્યના ખજાનામાં ઘણી ઘાલમેલ કરી છે. તેણે આજ્ઞા કરી, ત્રિપુરદાસની બધી સંપત્તિ જપ્ત કરો અને તેને બંદીખાનામાં નાખો. આજ્ઞાનું પાલન થયું, ત્રિપુરદાસની બધી મિલ્કત શાહી ખજાનામાં જમા થઇ ગઈ અને ત્રિપુરદાસ બંદીવાન બન્યા.

આવી મુસીબત આવી પડી, છતાં પરમ ભગવદીય ત્રિપુરદાસના મન ઉપર તેની કોઇ વિપરીત અસર ન પડી. પોતાના ઠાકુરજી પ્રત્યે તેમનો સર્વતોધિક સુદઢ ભક્તિભાવ હતો. તેમણે વિચાર્યું. હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ બંદીખાનામાં પડ્યા હોવા છતાં તેઓ પોતાના ઠાકુરજીથી બહિર્મુખ ન થયા. ઠાકુરજી પ્રત્યેનો તેમનો વિશ્વાસ ચાતકવત્ બન્યો રહ્યો.

તુરક બાદશાહે ત્રિપુરદાસને બંદીખાનામાં નાખ્યા. ત્રિપુરદાસના ઠાકુરજીને તેનું આ કામ પસંદ ન આવ્યું. રાત્રે જ્યારે તે તુરક પોતાના પલંગમાં સૂતો ત્યારે, ભગવાન દ્વારા પ્રેરાયેલા અને ત્રિપુરદાસ પ્રત્યે આદરભાવ રાખનાર ચાર દૂતોએ શયનખંડમાં પ્રવેશ કરી, તેને પલંગમાંથી ખેંચીને પછાડ્યો. પછી પોતાની લાઠી વડે તેને મારવા લાગ્યા. બાદશાહ ડરી ગયો. તેણે તેમને પૂછ્યું. ભલા, મારો શો દોષ છે ? અને શા માટે મારો છો ? દૂતોએ કહ્યું, તમે અમારા બહુ જ આદરણીય એવા પ્રભુના પરમ ભક્તને બંદીખાનામાં નાખ્યા છે. તેમને તરત જ છોડી દો અને તેમને ઘેર પહોંચાડી દો, નહિંતર, અમે તમને મારી નાખીશું. આવું કહી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

ભયભીત બનેલા બાદશાહે તરત જ પોતાના સિપાહીઓને બોલાવ્યા. તેમને આજ્ઞા કરી. જલ્દી બંદીખાનામાં જાવ, ત્રિપુરદાસને મુક્ત કરી તેમને ઘેર પહોંચાડી દો. ત્રિપુરદાસ બંદીખાનામાંથી મુક્ત થયા અને રાતોરાત પોતાની ઘેર પહોંચી ગયા.

પરંતુ ઘરમાં શું હતું ? બાદશાહના હુકમથી તેના સિપાહીઓ ઘરનો બધો માલસામાન લૂટી ગયા હતા. ઘરમાં કશું રહ્યું ન હતું. પરંતુ ત્રિપુરદાસ તો પ્રભુના અનન્ય ભક્ત, પૂર્ણ સંતોષી જીવ હતા. તેઓ જાણતા હતા, સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ. પોતે કેદખાનામાં પડ્યા તે પ્રભુ ઇચ્છાથી, પોતે તેમાંથી મુક્ત થયા તે પણ પ્રભુ ઇચ્છાથી અને અત્યારે પોતે અકિંચન બની ગયા છે તે પણ હરિ ઇચ્છાથી. આવું સમજી નિર્વિકારભાવે તેઓ ઘરમાં રહેવા લાગ્યા. અને બીજે જ દિવસે, શ્રીગિરિરાજમાંથી

શ્રીનાથજીના ભેટિયાઓ તેમને ઘેર પધાર્યા. તેમણે શ્રીનાથજીનું ચરણામૃત અને મહાપ્રસાદ ત્રિપુરદાસને આપ્યા. ત્રિપુરદાસને યાદ આવ્યું, દરેક વર્ષે તેઓ શ્રીનાથજીબાવા માટે સુંદર રૂએલ મુલાયમ બંડી ભેટ મોકલાવતા હતા. પરંતુ આજે તેમની પાસે કશું ન હતું. હવે શું થાય ? ભેટિયાઓને ખાલી હાથે પાછા કેવી રીતે મોકલાય ?

ત્રિપુરદાસે પોતાના ઘરમાં તપાસ કરવા માંડી. તેમ કરતાં એક ખુણામાંથી ખડિયો મળી આવ્યો તેના ઉપર ચાંદીનું પતરું મઢેલુ હતું. તેમણે તે ઉખાડી લીધું. પછી ચાંદીનું પતરું અને શાહીને તે ખડિયો બન્ને વેચી દીધા. તેમાંથી જે કાંઇ થોડા પૈસા મળ્યા તેના વડે રંગીન ખાદીનો એક તાકો ખરીદ્યો. તે તાકો તેમણે શ્રીનાથજીની ભેટ તરીકે આપ્યો. તેમણે ભેટિયાઓને કહ્યું, આજે મારી પાસે કશું નથી, તેથી પ્રત્યેક વર્ષની માફક આ વર્ષે હું શ્રીનાથજીબાવા માટે રૂએલ બંડી મોકલી શકતો નથી. આ તાકો મારા તરફથી મામૂલી ભેટ સમજીને શ્રીગુસાંઇજીને આપજો અને તેમને વિનંતી કરજો કે ત્રિપુરદાસે આ વર્ષે મોકલાવેલી આ અત્યંત મામૂલી ભેટનો કૃપા કરીને તેઓ શ્રીનાથજીને અંગીકાર કરાવે.

ભેટિયાઓએ જઇને બધી ભેટ ભંડારીને આપી. ખરબચડી ખાદીના તાકાને જોઇ ભંડારીએ તેને ભંડારના એક ખૂણામાં મૂકી દીધો.

ઠંડીના દિવસો આવ્યા. ઠાકુરજીને ગરમ વસ્ત્રો તથા અંગીઠી ધરાવવાની હતી. ઠાકુરજી માટે આવેલી ભેટોમાંથી સૌથી ઉત્તમ એવું એક ગરમ વસ્ત્ર લઇ ગુસાંઇજીએ શ્રીઅંગ ઉપર ધરાવ્યું. પરંતુ શ્રીનાથજીની ઠંડી દૂર ન થઇ, શ્રીગુસાંઇજીએ એકને બદલે બે અંગીઠી શ્રીજીની સન્મુખ રાખી દીધી, પરંતુ ઠાકુરજીની ટાઢ ઓછી ન થઇ. શ્રીગુસાંઇજીએ બીજું ગરમ વસ્ત્ર ધરાવ્યું. પરંતુ ઠાકોરજી પહેલાની માફક જ ઠંડીથી ધ્રુજવા લાગ્યા. શ્રીગુસાંઇજી સમજી ગયા કે ઠાકુરજીની આ ધ્રુજારી ટાઢને કારણે નથી. આપ તો કોઇ ભક્તની ભેટ અંગીકાર કરવા માગે છે. જ્યાં સુધી તેમના એ પ્રિય ભક્તે મોકલાવેલ ભેટ

તેમને અંગીકાર કરાવવામાં નહી આવે ત્યાંસુધી તેમની ટાઢ અને ધ્રુજારી ઓછી થવાની નથી.

શ્રીગુસાંઇજીએ ભંડારીને બોલાવી મંગાવ્યા. પછી ઠાકુરજીના ભક્તોએ મોકલાવેલ ભેટોની યાદી તે વાંચી. મૂલ્યવાન ભેટો મોકલનાર ભક્તોની યાદીમાં ત્રિપુરદાસનું નામ ન હતું. આપશ્રીએ પૂછ્યું. દરેક વર્ષે ત્રિપુરદાસને ઘરેથી રૂએલ સુંદર બંડી ભેટ તરીકે આવે છે શું આ વર્ષે તેમણે કશું નથી મોકલાવ્યું ? ભંડારીએ કહ્યું, મહારાજ હવે ત્રિપુરદાસ અકિંચન બની ગયા છે. તેમની પાસે કશું નથી. તેથી આ વર્ષે તેમણે રંગીન ખરબચડી ખાદીનો એક તાકો મોકલાવ્યો છે તે મેલો થઇ ગયો છે અને ભંડારના એક ખૂણામાં પડ્યો છે.

શ્રીગુસાંઇજીએ આ સાંભળ્યું. તરત જ આજ્ઞા કરી, જલદી જાવ, એ તાકો લઈ આવો તાકો આવ્યો તેને ધોઇ સ્વચ્છ કરી ગુસાંઇજી પાસે તે મૂકવામાં આવ્યો. ગુસાંઇજીએ દરજીને બોલાવી આજ્ઞા કરી, આ તાકાની આઠ ગડીવાળી સીવી લો, તેની એક ગોદડી બનાવી લાવો.

ગોદડી તૈયાર થઇ ગઇ શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીના શ્રીઅંગ ઉપર તે ઓઢાડી. ઓઢતાં જ શ્રીનાથજીની કડકડતી ધ્રુજારી ક્યાં જતી રહી તે કેવળ શ્રીનાથજી જ જાણતા હશે. ત્રિપુરદાસના પ્રેમની ઉષ્માથી ભરેલ ગોદડી પાસે ઠંડી બિચારી શું કરે ? તે ભાગી ગઈ. શ્રીનાથજીની ધ્રુજારી શમી ગઈ.

* * *

(૩) શ્રીમહાપ્રભુજીના સેવક અષ્ટછાપ ભક્તકવિ શ્રીપરમાનન્દદાસજી

શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુના સેવક અને અષ્ટછાપના કવિઓમાંના એક - અષ્ટછાપ કવિ મંડળના શિરમોર મહાકવિ સૂરદાસ પછી નંદદાસ અને ત્રીજુ સ્થાન પરમાનંદદાસનું ગણાય છે. એ પરમાનંદદાસનો જન્મ કનોજમાં સં.૧૫૫૦ માં થયો હતો એઓ કાન્યકુબ્જ બ્રાહ્મણ હતા. પરમાનંદદાસ દિવસની લીલામાં તોકસખાનું પ્રાકટ્ય છે અને રાત્રિની લીલામાં ચંદ્રભાગા સખી છે. સુરભી કુંડ પાસે શ્રીગિરિરાજનું એક દ્વાર છે તેના મુખિયા છે. જે દિવસે પરમાનંદદાસ જન્મ્યા તે દિવસે એક યજમાન તરફથી તેમના પિતાને દાનમાં પુષ્કળ ધન મળ્યું. પરમાનંદદાસના પિતાને પરમ આનંદ થયો. તેથી એમણે પુત્રનું નામ પરમાનંદ પાડ્યું. જન્માક્ષરમાં પણ એ જ નામ આવ્યું. નાની ઉંમરથી જ કવિતા રચવાનો શોખ હતો. કંઠ માધુર્યની પણ દૈવી બક્ષિસ મળી હતી ઉંમર લાયક થતા સંગીત વિદ્યા અને કાવ્ય કળામાં પારંગત થયા અને તેથી પરમાનંદદાસના ઘણા શિષ્યો થયા અને તેઓ પરમાનંદ સ્વામી નામથી પ્રસિદ્ધ થયા. એક વખત કનોજમાં ભારે દુકાળ પડ્યો. કનોજના હાકેમે જનતા પર ભારે કર નાખ્યો અને પરમાનંદદાસના પિતાશ્રીનું ધન લૂંટી લીધું. અચાનક નિર્ધન થવાથી પરમાનંદદાસના માતા-પિતા ખૂબ સંતાપ્યા. પરમાનંદદાસે દિલાસો દેતા જણાવ્યું પિતાજી ! અનાયાસે આવેલું ધન અનાયાસે ગયું તેનો શોક કેવો ?

શોક તો એ માટે છે, બેટા કે પૈસા હતા ત્યારે તારું લગ્ન ના કરી શક્યા, હું લગ્ન કરવા માંગતો નથી. હવે પૈસાનો મોહ વિસારી દો, ભગવત્-સ્મરણ કરો. તમારા ભરણ પોષણની જવાબદારી મારે શિરે છે, તું તો સંન્યાસી છે પણ અમે ગૃહસ્થ છીએ, ગૃહસ્થી પૈસા વગર ચાલવાની ? એટલે દેશાવર

જઈને ધન તો ભેગું કરવું જ પડશે. આથી દ્રવ્ય મેળવવાની લાલસાથી પરદેશ ઉપડ્યા અને પુત્ર સાધુ સંતોની સેવા કરવા લાગ્યો. સં.૧૫૭૬માં મકરસંક્રાન્તિ પર તેઓ પ્રયાગ ગયા, પ્રયાગનું ભક્તિમય વાતાવરણ તેમને ફાવી ગયું. ત્યાં પોતાનાં પદો ગાવા લાગ્યા. એમનાં કીર્તન-પદ સાંભળવા લોકો ઉમળકાથી આવવા લાગ્યા એક દિવસ સૌના ગયા પછી ઉજાગરાના કારણે ઝોકું આવી ગયું અને સ્વપ્નમાં એમને શ્રીમહાપ્રભુજી પાસે જવાની પ્રેરણા મળી. બીજા દિવસના મંગળ પ્રભાતે શ્રીયમુનાજીમાં સ્નાન કરી તેઓ અડેલ પહોંચ્યા શ્રીમહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત્ કર્યાં. શ્રીમહાપ્રભુજી એમના ભક્તિભાવથી પ્રસન્ન થઈ પદ ગાવા આજ્ઞા કરી અને તેઓ કવિ દિલના ઉમળકાથી પદ ગાવા લાગ્યા.

જિયકી સાધ જિય હી રહો રી આ પ્રમાણે ભક્ત કવિએ અંતરમનથી વિરહભાવનાં અનેક કીર્તનો સંભળાવ્યાં. એ સાંભળી શ્રીમહાપ્રભુજીએ બાળ લીલાનાં કીર્તન ગાવા આજ્ઞા કરી ત્યારે પરમાનંદદાસે હાથ જોડી વિનંતી કરી કે મહારાજ ! હું બાળલીલામાં કશુંય સમજતો નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીમુખે આજ્ઞા કરી કે શ્રીયમુનાજીમાં સ્નાન કરી અપરસમાં આવો, અમે તમને સમજાવી દઈશું. પરમાનંદદાસ સ્નાન કરી અપરસમાં આવ્યા તે સમયે શ્રીઆચાર્યજી ગોપીવલ્લભ ભોગ ધરી બિરાજ્યા હતા. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયજીના સન્નિધાનમાં કૃપા કરી નામ સંભળાવ્યું, બ્રહ્મસંબંધ કરાવ્યું, પછી ભાગવત દશમસ્કન્ધની અનુક્રમણિકા સંભળાવી. કવિને પ્રેરણા મળી, પ્રસાદ મળ્યો, અંતરનાં દ્વાર ખુલી ગયાં, નવી દષ્ટિ મળી કવિની ઓજસ્વી પ્રતિભાએ બાલલીલાનાં પદો સર્જ્યાં. એક વેળા શ્રીવલ્લભાચાર્યજી ગાદી-તકિયા ઉપર બિરાજ્યા હતા. પરમાનંદદાસ મહાપ્રસાદ લઈ દંડવત્ કરીને બેઠા. શ્રીઆચાર્યશ્રીએ આજ્ઞા કરી પરમાનંદદાસ ! કંઈ ભગવદ્-યશ ગાઓ. તેથી પરમાનંદદાસે મનમાં વિચાર્યું કે આ સમયે શ્રીઆચાર્યજીનું મન વ્રજલીલામાં શ્રીગોવર્ધનનાથજી પાસે છે. તો વિરહના ગીત ગાઉં અને હરિ તેરી લીલાકી સુધ આવે આ પદ સાંભળતાં દેહાનુસંધાન પણ રહ્યું નહિ. ત્રણ દિવસ સુધી મૂર્છા રહી. ચોથા દિવસે સાવધાન થઈને શ્રીઆચાર્યજીએ નેત્ર ખોલ્યાં આ ઘટનાથી પરમાનંદદાસ એટલા ડરી ગયા કે વિરહ-પદ ગાવાનું છોડી દીધું.

એક દિવસે એક વૈષ્ણવે પરમાનંદદાસને કહ્યું કે મને કંઈ સાધન બતાવો તો હું કરું જેથી શ્રીઠાકુરજી મારા પર પ્રસન્ન રહે. પરમાનંદદાસે કહ્યું મન લગાડીને સાંભળો જે સુગમ ઉપાય છે તે બતાઉં છું. પ્રાતસમે ઉઠી કરીએ શ્રીલક્ષ્મણસુત ગાન, પ્રગટ ભયે શ્રીવલ્લભપ્રભુ દેત ભક્તિ દાન. સં.૧૬૦૨માં શ્રીગુસાંઈજીએ અષ્ટછાપ કવિ મંડળની સ્થાપના કરી તેમાં પરમાનંદદાસને પણ સામેલ કર્યા. તેઓ આ સમયે બાવન વર્ષના હતા. તેઓ જીવ્યા ત્યાંસુધી ગુરુ અને ગોવિંદના પદ ગાઈ પોતાની જાતને ધન્ય કરી. સં.૧૬૪૨ માં એકાણુ વર્ષની ઉમરે સુરભિકુંડ ઉપર તેઓ હરિશરણ પામ્યા. શ્રીગુસાંઈજીએ શ્રીમુખે સરાહના કરતાં કહ્યું કે પુષ્ટિમાર્ગમાં બે સાગર થયા એક તો સૂરદાસ અને બીજા પરમાનંદદાસ. તેમનું હૃદય અગાધ રસથી સભર છે જ્યાં ભગવલ્લીલા રૂપ રત્નો ભર્યાં છે.

* * *

(૪) શ્રીમહાપ્રભુજીના સેવક

અષ્ટછાપ ભક્તકવિ શ્રીકુંભનદાસજી

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક કુંભનદાસજી, ગોરવા ક્ષત્રી હતા અને એમનો જન્મ સં.૧૫૨૫ માં જમનાવતામાં થયો હતો. તેઓ વયની દૃષ્ટિએ અષ્ટછાપના કવિઓમાં સૌથી મોટા હતા. કુંભનદાસજી દિવસની લીલામાં શ્રીઠાકોરજીના અંતરંગ સખા અર્જુન સખા, અને રાત્રિની લીલામાં શ્રીસ્વામિનીજીની વિશાખા સખી હતા.

એક વખત કુંભનદાસજીના પિતા કુંભના મેળામાં ગયા હતા. ત્યાં કોઈ મહાત્માજીએ પુત્ર, પ્રાપ્તિનો આશીર્વાદ આપ્યો તેના ફળસ્વરૂપે પુત્ર જન્મ થતાં પિતાએ પુત્રનું નામ કુંભનદાસજી પાડ્યું. નાનપણમાં માતાપિતાનો વિયોગ થવાથી તેઓ કાકા ધર્મદાસ પાસે ઊછર્યાં. ધર્મદાસ જેવા ધાર્મિક પુરુષના સંસર્ગમાં આવવાથી કુંભનદાસમાં ધાર્મિક રુચિ વિશેષ હતી.

એક દિવસ કુંભનદાસજીને સમાચાર મળ્યા કે આન્યોરમાં શ્રીમહાપ્રભુજી પધાર્યા છે અને ઘણા બ્રજવાસીઓ એઓશ્રીના સેવક થયા છે એટલે કુંભનદાસજી અને એમનાં પત્ની આન્યોર આવ્યા. શ્રીઆચાર્યજીએ શ્રીમુખે પૂછ્યું, કુંભનદાસ આવ્યા ? કુંભનદાસે દંડવત્ કરી, વિનંતી કરી, અમોને શરણમાં લ્યો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ આજ્ઞા કરી, તમે ઉભય પતિ-પત્ની સંકર્ષણ કુંડમાં સ્નાન કરી અપરસમાં આવો. બન્ને (પતિ-પત્ની) અપરસમાં આવ્યા. શ્રીમહાપ્રભુજીએ નામ સંભળાવ્યું અને બ્રહ્મસંબંધ કરાવ્યો ત્યારે કુંભનદાસજીની પત્નીએ વિનંતિ કરી, મને સંતાન નથી, કૃપા કરી આપો. મહાપ્રભુજીએ આશીર્વાદ આપી જણાવ્યું તને સાત પુત્રો થશે.

કુંભનદાસજીને સત્તર માણસનું બહોળું કુટુંબ હતું. બહોળા કુટુંબના કારણે અડચણો આવતી, પણ કોઈના આગળ હાથ ફેલાવતા નહીં કે કોઈનું

દાન સ્વીકારતા નહીં.

પાંચ પુત્રો સાંસારિક હતા, તેથી કોઈ પૂછતું તમારે કેટલા પુત્રો છે? તો જણાવતા દોઢ પુત્રો છે. ચતુર્ભુજદાસ નામ સેવા અને સ્વરૂપ સેવા કરતા તેથી એને આખો પુત્ર માનતા અને કૃષ્ણદાસ શ્રીઠાકોરજીની ગાયો ચારવા લઈ જતા એટલે નામ સેવા કરતા તેથી એને અડધો માનતા.

પુષ્ટિ સમ્પ્રદાયના પ્રારંભકાળમાં જ્યારે શ્રીમહાપ્રભુજીએ સેવાની વ્યવસ્થા કરી ત્યારે શ્રીજીના કીર્તનની સેવા કુંભનદાસને સોંપી. એક પ્રાતઃકાળે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી ભગવલ્લીલા વર્ણન કરો. કુંભનદાસે દંડવત્ કરી આ પદ ગાયું, સાંજ કે સાચે બોલ તિહારે. આ કીર્તન સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું, કુંભનદાસ, નિકુંજ સંબંધી રસનો અનુભવ થયો ? દંડવત્ કરી કુંભનદાસે કહ્યું, મહારાજ ! આપની કૃપાથી. શ્રીઆચાર્યજીએ જણાવ્યું, તમારા મોટા ભાગ્ય છે કે પ્રભુએ પ્રથમ જ તમને પ્રમેય બલનો અનુભવ જણાવ્યો તમે સદા હરિરસમાં મગ્ન રહેશો. કુંભનદાસે વિનંતી કરી, મહારાજ ! મને તો સર્વોપરી આજ રસનો અનુભવ કરાવી આપો ! ત્યાર પછી કુંભનદાસે બધાં કીર્તનો યુગલ સ્વરૂપનાં જ ગાયાં.

કુંભનદાસજીના સ્નેહતપ્ત હૈયાને પળનોય વિયોગ જીરવાતો નહિ. એકવાર કૃષ્ણદાસજી (કુંભનદાસજી)ના પુત્ર શ્રીઠાકોરજીની ગાયો ચરાવતા. એકવેળા ગાયને સિંહના પંજામાંથી છોડાવતા હણાયા. આ સમાચાર સૂણતાં જ કુંભનદાસજી મૂર્છિત થઈ ગયા. ત્યારે એકત્ર થયેલા વૈષ્ણવો પરસ્પર બોલ્યા કુંભનદાસજી જેવા પરમ ભગવદીયને આટલો બધો શોક કે પુત્રના વિયોગથી દુઃખી થઈ મૂર્છિત થયા. ત્યારે શ્રીગુસાંઈજી બોલ્યા, કુંભનદાસ પુત્રના મૃત્યુથી દુઃખી નથી થયા પણ સૂતક લાગતા શ્રીઠાકોરજીના દર્શન નહિ થાય એ શોકથી મૂર્છિત થયા છે. કુંભનદાસજી શોક કરશો નહિ. સૂતક હોવા છતાં શ્રીજીનાં દર્શન સૌથી પહેલાં કરાવીશું આ સાંભળતાં જ કુંભનદાસની મૂર્છા ટળી.

એક વેળા સં.૧૬૩૧માં દ્વારિકા યાત્રા માટે શ્રીગુસાંઈજીએ પોતાની

સાથે આવવા આજ્ઞા કરી. ગુરુવર્યની આજ્ઞા લોપાય નહિ અને શ્રીઠાકોરજીનો વિયોગ સહેવાય નહિ. ભગવાનનો અનિશ્ચિત સમય માટે વિયોગ થશે એ વિચારે ગિરિરાજ પાસેના અપ્સરા કુંડ પર ચોધાર આંસુએ રડતા પદ ગાયું : કહીએ કહા કહિયે કી હોય, પ્રાણનાથ-બિછુરનકી વેદન, જાનત નાહિ કોઈ. આ પદ સાંભળી શ્રીગુસાંઈજી મહારાજને લાગ્યું કે શ્રીજીનો વિયોગ એમનાથી સહન નહિ થાય. આથી શ્રીગુસાંઈજીએ કુંભનદાસને પાછા ફરવાની આજ્ઞા કરી.

એક વાર બાદશાહને પોતાના ગવૈયાના મારફત કુંભનદાસનું એક પદ સાંભળી કુંભનદાસને મળવાની તાલાવેલી જાગી. પોતાના માણસો મોકલી માનસન્માનથી કુંભનદાસને સિકરીના દરબારમાં તેડાવ્યા. અકબર શાહે વિનંતી કરી, બાવાસાહેબ તમે વિષ્ણુપદ ઘણાં ગાયાં છે. અમને પણ એક પદ સંભળાવો. કુંભનદાસે મનમાં વિચાર કર્યો કે ગાયા વગર છુટકારો મળવાનો નથી. આવા યવન આગળ હરિપદ તો ગવાય નહીં. તેથી કુંભનદાસજીએ ગાયું

ભક્તન કો કહા સિકરીકામ
આવત જાવત પન્હૈયા ટૂટી, બિસરી ગયો હરિનામ ॥
જાકો મુખ દેખે દુઃખ લાગે તાકો કરન પર્યો પરનામ ।
કુંભનદાસ લાલગિરિધર બિન યહ સબ ઝૂઠો ધામ ॥

આ પદ સાંભળી અકબરશાહ મનમાં બબડ્યા પછી વિચાર્યું બાવા સાહેબની લેવાની કશી લાલચ હોય તો એ મારી ખુશામત કરે વિચારી અકબર શાહે વિનંતી કરી, બાવા સાહેબ હુકમ ફરમાઓ. કુંભનદાસે કહ્યું, હવે કદી મને તેડાવશો નહીં.

એક વખતે અકબરશાહના સેનાપતિ માનસિંહજી ગોવર્ધન પર ગયા હતા. ત્યારે કુંભનદાસનાં પદોથી ખુશ થઈ ઘણી રીતે આર્થિક મદદ કરવા તત્પર થયા. પરંતુ કુંભનદાસે કશુંય સ્વીકાર્યું નહિ, રાજા માનસિંહે ઘણા સાધુ સંતો

જોયા હતા પણ આવો ગૃહસ્થ સંત જીવનમાં પહેલી જ વાર જોયો.

સં.૧૬૪૦ માં એકસો પંદર વર્ષની વયે દેહ અશક્ત થતાં આન્યોર પાસે સંકર્ષણ કુંડ પર આવી બેઠા. શ્રીગુસાંઈજી પોતે કુંભનદાસની પાસે પધાર્યા અને કહ્યું, કુંભનદાસ આ સમયે કઈ લીલામાં મન છે તે કહો તે સમયે કુંભનદાસથી ઊઠી તો શકાયું નહી તેથી માથું નમાવી મનથી દંડવત્ કર્યા અને કીર્તન ગાયું

લાલતેરી ચિતવની ચિત્ત હી ચુરાતી

અને બીજું

બિસરી ગયો લાલ કરત ગોદોહન

ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું, કુંભનદાસ આ ઘડીએ તમારું ચિત્ત ક્યાં છે. ત્યારે કુંભનદાસે પદ ગાયું તોય મિલનકો બહૂત કરત હે મોહનલાલ ગોવર્ધનધારી, આ પદ ગાઈ કુંભનદાસજી લૌકિક શરીર ત્યાગી નિકુંજ લીલામાં પ્રાપ્ત થયા.

* * *

(૫) શ્રીમહાપ્રભુજીના સેવક

અષ્ટછાપ ભક્તકવિ શ્રીસૂરદાસજી

શ્રીઆચાર્યજી મહાપ્રભુના કૃપાપાત્ર સેવક અષ્ટછાપના કવિઓમાંના એક આશુકવિ સૂરદાસજી જેમને સાહિત્ય જગતે સૂર્યની ઉપાધિ આપી બિરદાવ્યા છે, એ સૂરદાસજી દિલ્હી પાસેના ગામ સીહીના વતની અને સારસ્વત બ્રાહ્મણ હતા. તેઓ દિવસની લીલામાં કૃષ્ણસખા અને રાત્રિની લીલામાં ચમ્પકલતા સખી હતા. સૂરદાસજી જન્મથી જ ચક્ષુહીન હોવાના કારણે માતા-પિતા સંતાપતા અને પરિવારજન ઉપેક્ષા કરતા. એક દિવસ દાનમાં મળેલી સોનામહોરો ખોવાઈ જતાં, માતા-પિતા ક્રોધમાં બોલવા લાગ્યા અભાગિયા જ્યારથી તુ જન્મ્યો છે અમે સુખનો દિવસ જોયો નથી. તું જાય તો અમારું દુર્ભાગ્ય દૂર થાય. સૂરદાસે ચીન્ધવેલ જગ્યાથી સોનામ્હોરો જડી આવતા માતા-પિતા સૂરદાસને રોકવા લાગ્યા તો સૂરદાસે કહ્યું મને રોકશો નહિ. હું રોકાઈશ તો ફરી મહોરો ગાયબ થઈ જશે. આમ સૂરદાસે ૬ વર્ષની વયે ગૃહત્યાગ કર્યો અને સીહીથી ચાર કોસ દૂર એક ગામની પાદરે તળાવના કિનારે પીપળવૃક્ષ તળે વાસ કર્યો તેમના ભાવવાહી ભજનો, મધુર કંઠ અને સાચી ભવિષ્યવાણીના કારણે એમનો યશ વધતો ગયો અને સેવકો બનતા ગયા. પણ સૂરદાસને આ મુદ્દલે ગમતું નહીં તેથી એક દિવસ પોતાના થોડાક શિષ્યો સાથે આગ્રા-મથુરા માર્ગ પર આવેલ ગઉ-ઘાટ પર વાસ કર્યો. જ્યારે ગઉઘાટ પર શ્રીવલ્લભાચાર્ય પધાર્યા ત્યારે સૂરદાસજી પોતાના સેવકો સાથે દર્શન કરવા આવ્યા અને સાષ્ટાંગ દંડવત્ કર્યા તો શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે સૂર કંઈ ભગવદ્‌યશ વર્ણન કરો. સૂરદાસે દંડવત્ કરી શ્રીઆચાર્યજી આગળ હોં હરિ સબ પતિતન કો નાયક વગેરે પદો ગાયાં. તે સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું, સૂર થઈને આવા ગળગળા કેમ થાવ છો ? તમે કેમ ગિડગિડાઈ રહ્યા છો? કંઈ ભગવલ્લીલા વર્ણન કરો. સૂરદાસ ! જીવ અગર તો તેના દોષો એ કીર્તનનો વિષય નથી. ગાવા યોગ્ય, કીર્તનને યોગ્ય તો વાસ્તવમાં સર્વેશ્વર પ્રભુ તેમજ

તેમની લીલાઓ છે. જીવે પોતાના દોષો જાણવા તો જોઈએ પણ તેનું ચિન્તન કરવું જોઈએ નહીં, દોષોનું વધુ પડતું ચિન્તન પણ દોષોને વધારે છે જ્યારે પ્રભુનું ચિન્તન દોષોનો નાશ કરે છે ત્યારે સૂરદાસજીએ નમ્રતાથી વિનંતી કરી કે મહારાજ હું ભગવલ્લીલામાં સમજતો નથી. ત્યારે મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે શ્રીયમુનાજીમાં સ્નાન કરી અપરસમાં આવો અમે તમને બધું સમજાવી દઈશું. સૂરદાસજી પ્રસન્ન થઈ સ્નાન કરી અપરસમાં શ્રીઆચાર્યજી આગળ ઉપસ્થિત થયા. શ્રીઆચાર્યજીએ અષ્ટાક્ષર મંત્ર સંભળાવ્યો તથા બ્રહ્મસંબન્ધ કરાવ્યો અને દશમસ્કન્ધની અનુક્રમણિકા સંભળાવી. એ રીતે સંપૂર્ણ પુરુષોત્તમની લીલા સૂરદાસજીના હૃદયમાં સ્થાપન થઈ અને ત્યારપછી સૂરદાસજીએ બધી જ લીલા મુક્તમને મુક્તપણે ગાઈ.

જેનું ચિત્ત શ્રીનાથજીમાં ચોટચું હોય તે લૌકિક વસ્તુની ખેવના શા માટે રાખે ? જેને પારસ મળ્યું હોય તે સુવર્ણની ઝંખના શા માટે કરે ? દિલ્હીપતિ ખાત્રીપૂર્વક માનતા કે શ્રીઆચાર્યજીના સેવકો નિસ્પૃહી અને અપરિગ્રહી હોય છે છતાં ચકાસવા જ્યારે જ્યારે વ્રજમાં આવતા, ત્યારે ત્યારે પુષ્ટિ કવિઓને તેડાવતા અને પ્રલોભનો આપી પોતાનાં યશોગાન કરવાની ઈચ્છા વ્યક્ત કરતા, કિન્તુ પુષ્ટિ કવિઓએ પ્રલોભનોને ઠોકરે મારી દેતા. એક દિવસ જ્યારે અકબરશાહ વ્રજમાં આવ્યા તો સૂરદાસજીને તેડાવ્યા અને વિનંતી કરી કે સૂરદાસજી ! તમે ઘણાં વિષ્ણુપદ ગાયાં છે, અમને પણ કંઈ સંભળાવો. સૂરદાસજીએ ગાયું, મનરે તું કર માધોસોં પ્રિત. આ પદ સાંભળી અકબરશાહ ખૂબ ખુશ થયા અને ઈચ્છા વ્યક્ત કરી કે જે ગુણીજન અમારો યશ ગાય છે તેને અમે ધનદોલત ઐશ્વર્ય અને જે માંગે તે આપીએ છીએ તો તમે અમારો યશ ગાવ અને જે ચાહો તે માંગી લ્યો ત્યારે સૂરદાસજીએ ગાયું,

નાહિન રહ્યો મનમાં ઠૌર,
નંદનંદન લસત કૈસે-
આનીએ ઉપર ઔર ॥

સૂરદાસજીની ઉપેક્ષાથી અકબરશાહ ગુસ્સે ના થયા પણ મનમાં વિચાર કર્યો કે જેને કોઈ લાલસા નથી લૌકિક વસ્તુની ઈપ્સા નથી તો મારો યશ શા માટે ગાય ?

સૂરદાસજી આમ તો ચક્ષુહીન હતા, છતાં એમને દિવ્ય-દષ્ટિ મળી હતી. આ વાતની જાણ વૈષ્ણવ સમાજને કરાવવા, એક દિવસ શ્રીગિરધરજી અને બીજા ગોસ્વામિ બાળકોએ, શ્રીનવનીતપ્રિયજીને વસ્ત્ર ધરાવ્યા વગર મોતીની બે લડની માળા, મસ્તક ઉપર તિલક, નાકમાં નકવેસર, કરણફૂલ માત્ર ધરાવી સૂરદાસને જાણ કર્યા વગર બોલાવ્યા અને કહ્યું દર્શન કરો અને કીર્તન ગાવ ત્યારે સૂરદાસજીએ ગાયું -

દેખેરી હરિ નંગં-નંગા, જલસુતભૂષન અંગ બિરાજત વસનહીન છબી ઉઠત તરંગા

આ પદ સાંભળી વૈષ્ણવસમાજ અચરજ પામ્યા, શ્રીગિરધરજી અને ગોસ્વામિ બાળકો ખૂબ પ્રસન્ન થયા.

સૂરદાસજીએ ઘણાં વર્ષો સુધી ભગવત્સેવા કરી પછી મનમાં વિચાર આવ્યો ભગવદિચ્છા નિજધામમાં બોલાવવાની છે. પણ મારો સંકલ્પ પૂરો થયો નથી. એક લાખ કીર્તનો પ્રકટ થઈ ચૂક્યાં છે. બીજાં ૨૫ હજાર કીર્તનો પ્રકટ કરવાનાં બાકી રહ્યાં છે તે પ્રકટ કરી પછી જ દેહ હરિચરણમાં વિસર્જિત કરીશ. તે વખતે જ શ્રીનાથજીએ પ્રકટ થઈ જણાવ્યું સૂર-શ્યામના છાપવાળા ૨૫ હજાર પદો વહીમાં અમોએ લખ્યા છે. સૂરદાસજીએ દંડવત્ કરી નિવેદન કર્યું. આપની કૃપાથી મારો મનોરથ સિદ્ધ થયો છે. હવે આપ આજ્ઞા કરો. શ્રીનાથજીએ આજ્ઞા કરી કે તમે મારી લીલામાં આવો અને લીલારસનો અનુભવ કરો. શ્રીનાથજીની આજ્ઞા થતાં સૂરદાસજી પરાસોલી ગયા અને શ્રીનાથજીના ધ્વજને દંડવત્ કરી ધ્વજની સન્મુખ મુખ કરી સૂઈ ગયા.

જગમોહનમાં સૂરદાસજીને કીર્તન કરતા ન જોયા તો શ્રીગુસાંઈજીને નિવેદન કર્યું કે સૂરદાસજી મંગળા આરતી કરી પરાસોલી ગયા છે. ત્યારે શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી, પુષ્ટિમાર્ગનું જહાજ જાય છે જેને જે લેવું હોય તે લઈ લ્યો. અને ત્યાં જઈને સૂરદાસજીને જૂઓ. જો સૂરદાસજી રાજભોગ આરતિ ઉપરાંત રહે તો અમે પણ આવીશું.

સૂરદાસજી પાસે શ્રીગુસાંઈજી અને વૈષ્ણવો ઊભા હતા. ચતુર્ભુજદાસે કહ્યું સૂરદાસજી ! આપે લાખો પદો રચ્યાં છે, કિન્તુ શ્રીમહાપ્રભુજીનો યશવર્ણન કર્યો નથી. આ સાંભળી સૂરદાસજીએ જણાવ્યું મે તો બધો યશ શ્રીઆચાર્યજીનો જ ગાયો છે. શ્રીનાથજી અને શ્રીઆચાર્યજીમાં ભિન્નતા માનતો હોત તો જુદાં-જુદાં પદો રચત એમ કહી પદ સંભળાવ્યું-

ભરોસો દઢ ઈન ચરનન કેરો પદ ગાઈ જણાવ્યું કે આ પદ પ્રમાણે બધાં પદો સમજવા પછી શ્રીગુસાંઈજીએ પૂછ્યું, આ સમયે ચિત્ત-વૃત્તિ ક્યાં છે ? સૂરદાસજીએ બલિ બલિ હોં કુંવરી રાધિકા, નંદસુવન જાસોં રતિ માની અને બીજું પદ ગાયું ખંજન નેન રૂપરસ માતે અને પછી સૂરદાસજીએ યુગલ સ્વરૂપનું ધ્યાન કરી લૌકિક શરીર ત્યાગી લીલામાં પ્રવેશ્યા.

* * *

(૯) શ્રીમહાપ્રભુજીના સેવક
કડા ગામના પ.ભ.શ્રીવેણીદાસના નાનાભાઈ શ્રીમાધોદાસ

પારસમણિને મેં જોયો નથી, પરંતુ સાંભળ્યું છે કે તેના સ્પર્શથી લોઢાનું સોનું બની જાય છે. લોઢાનું સોનું બને છે પરંતુ લોઢું પારસમણિ બની જતું નથી. તાત્પર્ય એ છે કે એક પારસમણિ લોઢાને પોતાના જેવો પારસમણિ બનાવી શકતો નથી જ્યારે એક સાચો વૈષ્ણવ પારસમણિ કરતા વધારે શક્તિશાળી છે. તે પોતાની સાથે સોબત કરનાર જીવને પોતાના જેવો વૈષ્ણવ બનાવી લે છે. પછી ભલેને તેની સોબત કરનાર જીવ અધમાધમ જીવ હોય. એટલા માટે તો ભક્તરાજ પરમ વૈષ્ણવ શ્રીદયારામભાઈએ કહ્યું છે -

તુજ સંગે જો વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો
તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો

અર્થાત્ હે જીવ ! તું વૈષ્ણવ હોવા બાબતનું તારુ અભિમાન છોડી દે. વૈષ્ણવત્વની કસોટી આ છે - જો કોઈ વ્યક્તિ તારો સંગ કરે અને તારા સંગથી તેનામાં વૈષ્ણવત્વ આવે તો જ તું સાચો વૈષ્ણવ ગણાય. પરંતુ તારા સંગની કોઈ પણ અસર તેના ઉપર ન પડે તો, તું કાચો વૈષ્ણવ ગણાય.

આચાર્ય શ્રીવલ્લભે પણ એવી જ આજ્ઞા કરી છે, 'વૈષ્ણવત્વં હિ સહજમ્ તતોઽન્યત્ર વિપર્યયઃ'

અર્થાત્ સહજ વૈષ્ણવતા તે છે જે નિષ્કપટ છે તેનો પર્યાય ક્યાંય નથી. વળી તે દંભરહિત છે. દંભરહિત હોવાથી, જે કોઈ વ્યક્તિ તેનો સંગ કરે તેને તે પોતાના રંગે રંગી દે છે.

એવા એક સાચા વૈષ્ણવ હતા - કડા ગામના માધોદાસ તેઓશ્રી વેણુદાસ વૈષ્ણવના નાના ભાઈ હતા.

માધવદાસ વૈષ્ણવ હતા, સાચા વૈષ્ણવ, પરંતુ માનવોચિત દુર્બલતા તેમનામાં શેષ રહી હતી. તેઓ પૂર્ણતઃ દોષરહિત ન હતા. માધવદાસનો દોષ હતો વિષયાનુરક્તિ. તેઓ વિષયી હતા. એક વેશ્યા પ્રત્યે અનુરક્ત હતા. તેથી તે વેશ્યાને પોતાના ઘરમાં રાખીને રહેતા હતા. અન્ય વૈષ્ણવો તેમની નિંદા કરતા હતા, તે વેશ્યાનો સંગ છોડવા માટે તેમને વારંવાર સાચી ખોટી વાત કહેતા. પરંતુ માધવદાસ તો નિર્લેપ ભાવે નિંદા સ્તુતિથી અસ્પૃશ્ય રહેતા હતા.

અને આ કંઈ સારી વાત તો નથી. પરંતુ કરવું શું ? માધવદાસ કોઈની પણ વાત આ બાબતમાં સાંભળતા નહતા એકવાર શ્રીમદાચાર્યચરણ કડા ગામમાં પધાર્યા. વૈષ્ણવોએ આપશ્રીને માધોદાસની વાત કહી સંભળાવી તેમણે કહ્યું મહારાજ માધવદાસે એક વેશ્યાને પોતાના ઘરમાં રાખી છે.

આચાર્યશ્રીએ માધવદાસને પૂછ્યું, ક્યોં રે માધવદાસ તેં તારા ઘરમાં વેશ્યા રાખી છે ? માધવદાસે અત્યંત વિનમ્રભાવે કહ્યું જી મહારાજ મેરો મન ઉસમે આસક્ત ભયો હે તાસોં રખી હે શ્રીમહાપ્રભુજીએ માધવદાસને ત્રણવાર પૂછ્યું અને ત્રણવાર માધવદાસે એક જવાબ આપ્યો ત્યારે શ્રીઆચાર્યજી પોતે મૌન ધરી રહ્યા.

એ જોઈને ત્યાં ઉપસ્થિત વૈષ્ણવોએ આપશ્રીને કહ્યું મહારાજ ! આ કેવી રીતે છે ? એ આપશ્રીની મર્યાદા રાખતો નથી. અને આપ પણ તેને કશું કહેતા નથી ? ત્યારે શ્રીઆચાર્યશ્રીએ કહ્યું, જો વાકો મન વામેં આસક્ત ભયો હે સો શ્રીઠાકુરજીકો ફેરતે કિતની દેર લગેગી ? અને ગદાધરદાસ જેવા પરમ વૈષ્ણવે તેને આશીર્વાદ આપ્યા છે તેથી તેની દૃઢ ભક્તિ જરૂર થઈ જશે. વૈષ્ણવનાં વચન કદી નિષ્ફળ ન જાય.

થયું પણ એવું શ્રીઠાકુરજીના અનુગ્રહથી થોડાક જ દિવસો પછી

માધવદાસની દષ્ટિ નિર્મળ બની ગઈ. તે વેશ્યા પ્રત્યે તેમની જે આસક્તિ હતી તે દૂર થઈ ગઈ. તેમણે તેનો સંગ છોડી દીધો, વેશ્યાને પોતાના ઘરમાંથી બહાર કાઢી મૂકી, તેઓ વૈષ્ણવોની મર્યાદાનું પાલન કરવા લાગ્યા. વૈષ્ણવ તો હતા જ, તેમની વૈષ્ણવતાનો પ્રભાવ હવે વ્યાપક બનવાનો હતો.

પેલી વેશ્યા પણ દૈવીજીવ હતી. અવિદ્યાને કારણે તે સંસાર પ્રત્યે આસક્ત બની હતી અને આવું નીચ કાર્ય કરતી હતી પરંતુ ભગવાનનો અનુગ્રહ તેના ઉપર ઊતર્યો. તે માધોદાસ જેવા વૈષ્ણવની ભોગ્યા બની હતી, તેમના ઘરમાં રહી હતી, માધવદાસની સેવાભાવના અને પ્રભુ પ્રેમને નિકટથી નિરખવાનું સદ્‌ભાગ્ય તેને મળ્યું હતું.

માધવદાસે તેને પોતાનાથી દૂર કરી પરંતુ માધવદાસની વૈષ્ણવતાના રંગે તે રંગાઈ ચૂકી હતી. તેણે પોતાનો વ્યવસાય છોડી દીધો, અવ્યાવૃત્ત બની ગઈ. સાંસારિક જીવો પ્રત્યે તેનો જે વાસનામય પ્રેમ હતો તે શ્રીઠાકુરજી પ્રત્યેના શુદ્ધ પ્રેમમાં પરિવર્તિત થઈ ગયો. ઈરાનના એક સૂફી સંત નામે જામીએ કહ્યું છે -

મતાબ અજ ઈશ્ક ગરચે મિજાજસ્ત
કે આ બહરે હકીકત કારસાજસ્ત

અર્થાત્ ઈશ્કે મિજાજી (વાસનામય આસક્તિ, લૌકિક પ્રેમ) નો નિર્વાહ પણ જો દઢતાથી કરવામાં આવે તો તેની નિંદા ન કરશો. એક દિવસ એ લૌકિક પ્રેમ, અલૌકિક પ્રેમ (ઈશ્કેહકીકી) માં પરિવર્તિત થઈ જશે. અને પ્રેમનું પાત્ર બદલાઈ જતા સાચા પ્રેમનાં દર્શન થશે.

વેશ્યાની બાબતમાં એવું જ બન્યું. તેના પ્રેમનું પાત્ર બદલાઈ ગયું. માધવદાસ તેના પ્રેમી હતા, હવે માધવ (પ્રભુ)તેના પ્રેમી બની ગયા. માધવના અનુગ્રહથી તે પ્રભુ પ્રત્યે અનુરાગી બની ગઈ. સતત પંદર વર્ષ સુધી તેણે ઘી કે તેલ ચોપડ્યા વગરની કોરી રોટલી (અંગાખરી) ખાઈને પોતાના શરીરને ટકાવી રાખ્યું. તે દરમ્યાન તે પ્રભુ પ્રેમમાં મસ્ત બની રહેવા લાગી.

પરંતુ હજી ગુરુદેવ તેનું વરણ કરે એટલું બાકી હતું. ગુરુદેવની કૃપા વગર ભગવત્ પ્રાપ્તિ થતી નથી.

એક દિવસ તેણે સાંભળ્યું કે શ્રીગુસાંઈજી કડામાં પધાર્યા છે તે શ્રીગુસાંઈજી પાસે ગઈ. આપશ્રીને દંડવત્ કરીને તેણે આપશ્રીને વિનંતી કરી. મહારાજ ! મારા જેવા પાપી જીવને શરણમાં લેવા માટે આપ સમર્થ છો. કૃપા કરીને આપ મને શરણમાં લો અને મને બ્રહ્મસંબંધ કરાવો.

શ્રીગુસાંઈજીએ તેની બહુ કપરી પરીક્ષા લીધી. આપશ્રીએ તેને કહ્યું અમે વેશ્યાને અમારી શરણમાં લેતા નથી. એવું કહીને આપશ્રીએ પોતાનું મુખ ફેરવી લીધું.

વેશ્યા પોતાને ઘેર ગઈ. તેણે અનશન વ્રત લીધું. રોજ એકવાર જઈ, દૂરથી તે શ્રીગુસાંઈજીનાં દર્શન કરતી. પછી ઘેર આવી, અન્નજળ લીધા સિવાય તે પ્રભુનામ સ્મરણ કરતી હતી. આઠ દિવસ થઈ ગયા. તે બહુ દુર્બલ થઈ ગઈ. નવમે દિવસે કોઈના સહારે તે શ્રીગુસાંઈજીની પાસે પહોંચી ગઈ. તેણે કહ્યું, મહારાજ ! જો આપ મારો અંગીકાર નહીં કરો તો મારા પ્રાણ હવે આ દેહમાં વધુ સમય નહીં રહે, હું મૃત્યુથી ડરતી નથી. પરંતુ મૃત્યુ આવી પડે તે પહેલા હું શ્રીગુરુદેવની શરણમાં જવા ઈચ્છું છું, કૃપા કરો, ગુરુદેવ ! મારો અંગીકાર કરો.

હવે શું બાકી રહ્યું હતું ? તન,મન અને અંતઃકરણથી તે શુદ્ધ બની ગઈ હતી. શ્રીગુસાંઈજીએ તેને અષ્ટાક્ષરમંત્ર સંભળાવ્યો પછી બ્રહ્મસંબંધનું દાન દીધું. એટલું જ નહીં તેની ભક્તિ ભાવના જોઈને લાલજીની સેવા કરવાનો અધિકાર પણ આપ્યો અને તે વેશ્યા હવે પૂરા પ્રેમથી લાલજીની સેવા કરવા લાગી. સેવા તેને માટે સાધન ન રહ્યું, તે ફલરૂપ બની ગઈ. સેવા કરતાં કરતાં લાલજી પ્રત્યેનો તેનો પ્રેમ, આસક્તિથી આગળ વધી વ્યસન કક્ષા સુધી પહોંચી

ગયો. તે એટલે સુધી કે હવે લાલજી સિવાય તે એક ક્ષણ પણ રહી શકતી ન હતી.

આ રીતે લાલજીની સેવા કરતાં, એક દિવસ તે માસિક ધર્મમાં આવી પડી. હવે શું કરવું ? તેને ચાર દિવસ સુધી લાલજીની સેવાથી વંચિત રહેવાનું હતું. પરંતુ લાલજીની સેવાનું વ્યસન તેને લાગી ગયું હતું. વ્યસની જીવ બધી મર્યાદાઓને તોડીને પણ પોતાના વ્યસનનો નિર્વાહ કરે છે. વેશ્યાએ પણ માર્ગીય સેવાની મર્યાદા છોડી, તેણે વૈષ્ણવોની એક વાત પણ ન માની તે તો ઋતુકાળમાં પણ પૂર્વવત્ લાલજીની સેવા કરવા લાગી. માસિકના ચારે દિવસ તે સેવા કરે અને પાંચમે દિવસે તે અપરસ કાઢી શ્રીઠાકુરજીને પંચામૃતથી સ્નાન કરાવતી હતી.

તેના આવા અનુચિત અને માર્ગરીતિથી વિપરીત વ્યવહારને જોઈને બધા વૈષ્ણવોએ તેની સાથેનો વ્યવહાર તોડી નાખ્યો.

થોડાક દિવસ પછી, ફરીથી શ્રીગુસાંઈજી કડામાં પધાર્યા. વૈષ્ણવોએ આપશ્રીની પાસે જઈ તે વેશ્યાની આવી વિપરીત સેવાની વાત કહી સંભળાવી તેમણે કહ્યું, માસિક ધર્મમાં આવીને પણ તે સેવા કરે છે, અમારું કહ્યું તે માનતી નથી.

શ્રીગુસાંઈજીએ તેને પૂછ્યું, કેમ રે ! માસિકમાં હોવા છતાં તું શા માટે ઝારી ભરે છે અને સેવા કરે છે ? વેશ્યાએ નમ્રતાપૂર્વક બે હાથ જોડીને કહ્યું, મહારાજ ! જ્યારે લૌકિકમાં મારી આસક્તિ હતી ત્યારે મારા શરીર ઉપર જેટલા વાળ છે તેટલા પુરુષોનું સેવન મે કર્યું હતું, એ તો આપશ્રીએ કૃપા કરીને મને માત્ર એક જ અને માત્ર એક અલૌકિક સ્વામી આપ્યો છે. તેનું સેવન કર્યા સિવાય ચાર દિવસ તો શું ચાર પલ પણ મારાથી કેવી રીતે રહી શકાય ? તેનો વિયોગ એક પલ માટે પણ મારાથી સહન થઈ શકે તેમ નથી. તેથી માસિકમાં પણ હું મારા સ્વામીની સેવા કરું છું. અને ચાર દિવસ પછી અપરસ કાઢીને મારા સ્વામીને પંચામૃત સ્નાન કરાવીને, હું વૈષ્ણવી મર્યાદાનું પાલન પર કરું છું. હવે આપ મને આજ્ઞા કરો-હું શું કરું ?

શ્રીગુસાંઈજીએ જોયું - ૪

કૃષ્ણનું વ્યસન થવાથી તે કૃતાર્થ થઈ ગઈ છે. આપશ્રીએ તેને કહ્યું તું જે કરી રહી છે તે પ્રમાણે કરતી રહે. જા, તું ઘરે જા અને તારા સ્વામીની સેવા કર.

પછી આપશ્રીએ વૈષ્ણવોને કહ્યું, આ વેશ્યા જે કંઈ કરે છે તેને કશું ન કહેશો. પ્રભુ પ્રેમમાં તે બહુ આગળ વધી ગઈ છે. તે જે કરે છે તે તેને માટે બરોબર છે. પરંતુ યાદ રાખો, તેને આવું કરતી જોઈને તમે એવું ન કરશો તે આ રીતે સેવા કરે છે તેનાથી ઠાકુરજી તેના ઉપર પ્રસન્ન રહે છે. આ રીતે કરવાનો તેને અધિકાર મળી ગયો છે.

આ રીતે માધોદાસ જેવા વૈષ્ણવની સોબતથી વેશ્યા જેવી એક મહાપાપી સ્ત્રી પરમ વૈષ્ણવ બની ગઈ.

* * *

(૭) શ્રીમહાપ્રભુજીના સેવક ગોવિંદદાસ ભલ્લા ક્ષત્રી (થાણેશ્વર)

(અહંકાર સેવક ધર્મમાં બાધા રૂપ છે)

જીવ બ્રહ્મનો અંશ છે. જીવ અંશ છે અને બ્રહ્મ અંશી છે. અતઃ ભગવાન સ્વામી છે અને જીવ સેવક છે. સેવકનો ધર્મ છે સ્વામીની સેવા કરવાનો સેવાના માર્ગમાં બાધારૂપ એવા બે ભાવ છે. એક સેવાનું અહમ્ અને બીજું સેવકનું મમત્વ. ‘હું’ અને ‘મારું’ એ બે ભાવોથી મુક્ત સેવક જ પોતાના સ્વામીની સેવા અનન્ય ભાવથી અને એક નિષ્ઠાથી કરી શકે છે. જ્યાં સુધી સેવકના મનમાં અહમ્ નો ભાવ બન્યો રહે, ત્યાં સુધી સ્વામી તેની સેવાનો સ્વીકાર કરતા નથી.

થાણેશ્વરમાં ગોવિંદદાસ ભલ્લા નામે એક ક્ષત્રી રહેતા હતા. તેઓ થાણેશ્વરના હાકેમની સિપાહીગિરી કરતા હતાં. તેમની પાસે ઘણું દ્રવ્ય હતું. એક દિવસે જ્યારે શ્રીમહાપ્રભુજી થાણેશ્વરમાં પધાર્યા ત્યારે અન્ય દૈવી જીવોની સાથે ગોવિંદદાસ પણ આપશ્રીની શરણમાં આવ્યા, તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક બન્યા. પછી તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, મહારાજ મારી પાસે ઘણું દ્રવ્ય છે. મારે એ દ્રવ્યનો ઉપયોગ શી રીતે કરવો તે સમજાવો. શ્રીમહાપ્રભુજીએ કહ્યું, એ દ્રવ્યનો ઉપયોગ ભગવત્‌સેવામાં કરી પ્રભુને તે અંગીકાર કરાવો. ગોવિંદદાસે કહ્યું મહારાજ ! મારી સ્ત્રી મને અનુકૂળ નથી ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું, ભગવદ્‌સેવામાં પ્રતિબંધરૂપ બની રહેનાર તમામ સ્નેહી સંબંધીઓનો ત્યાગ કરવો જોઈએ.

આ સાંભળી ગોવિંદદાસે તે જ પળે પોતાની સ્ત્રીનો ત્યાગ કર્યો. પછી પોતાની પાસેનું બધું ધન લઈ તેઓ આચાર્યશ્રી પાસે ગયા અને આપશ્રીને વિનંતી કરી મહારાજ મેં મારી સ્ત્રીનો ત્યાગ કર્યો છે. હવે આ ધનનું શું કરું ? પછી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર તેમણે પોતાના દ્રવ્યના ચાર સરખા ભાગ કર્યા, તેમાંથી એક ભાગ શ્રીનાથજીને, બીજો ભાગ ગુરુદેવને, ત્રીજો ભાગ પોતાની ત્યક્તા પત્નીને આપ્યો અને ચોથો ભાગ પોતાના જીવન નિર્વાહ માટે રાખી, તેટલું દ્રવ્ય લઈ તેઓ ઘર છોડી મહાવનમાં રહેવા લાગ્યા.

તેઓ મહાવનમાં વસી ગયા અને શ્રીમથુરાનાથજીની સેવા કરવા લાગ્યા. પરંતુ પ્રકૃતિથી તે અહંકારી હતા. સ્ત્રીનો ત્યાગ પણ તેમણે અહમ્‌ને વશ બનીને કર્યો હતો અને મહાવનમાં વસીને શ્રીમથુરાનાથજીની સેવા કરવામાં પણ તેમનો અહં સ્પષ્ટપણે દેખાઈ આવતો હતો. તેઓ દરરોજ ચોવીસ ટંકની (સિક્કો) સામગ્રી સિદ્ધ કરતા અને તેઓ વૈષ્ણવોની પાસે મૂકી દેતા, તેઓ પોતે તેમાંથી સહેજપણ પ્રસાદ ન લેતા. વૈષ્ણવોના લીધા પછી જો પ્રસાદ વધે તો તેઓ તે વધેલો પ્રસાદ ગાયોને ખવડાવી દેતા. પ્રસાદ પોતાને માટે તેઓ રોટલી બનાવતા અને ઠાકુરજીને સમર્પીને લેતા. આ હતું પ્રભુ તરફનું તેમનું માનસિક વલણ.

અલબત્ત, આ પ્રમાણે કરવું એ કાંઈ બુરી વસ્તુ નથી ભાવ સારો છે. પરંતુ જે રીતે તેઓ એ પ્રમાણે કરતા તે રીતે જોતા તેમાં અહં દેખાઈ આવતું. જો તેઓ પ્રેમ (સ્નેહ) અને આદરથી આ પ્રમાણે કરતા હોત તો તે વાત પ્રશંસનીય અને અનુકરણીય બની રહેત. તેમને અહં હતું કે પોતે મહાન ત્યાગી છે. પત્નીને ત્યાગી, ધનવૈભવને ત્યાગ્યો, પ્રભુ ધરાવેલ સામગ્રી પણ પોતે નથી લેતા અને તે વૈષ્ણવો અને ગાયોને આરોગાવે છે. પોતે બધાનો ત્યાગ કર્યો છે, પોતે તો માત્ર રોટલી જ જમે છે આ હતો તેમનો અહંભાવ. તેમને અહંભાવ હતો પોતાની સેવાનો અને પોતાની વૈષ્ણવતાનો. અને શ્રીઠાકુરજીને પોતાના ભક્તોનો આવો અનુચિત અહંભાવ પસંદ નથી હોતો.

થોડા દિવસોમાં તેમની પાસે જે દ્રવ્ય હતું તે ખુટી પડ્યું. અહંથી વશીભૂત એવા ગોવિંદદાસ ગિરિરાજમાં આવી ગયા. ત્યાં રહી તેઓ શ્રીનાથજીની પરિચર્યા કરવા લાગ્યા (બાહરી સેવા) તેઓ ઝાડુ વાળતા, વાસણ માંજતા, પાણી ભરી લાવતા અને મંદિરનાં બધાં નાનાં મોટાં કામ

કરતા હતા. આ રીતની મંદિરસેવા કર્યા પછી તેઓ પર્વતની તળેટીમાં જતા, પોતાનું તિલક ધોઇ નાખી તુલસીમાળા ઉતારીને તેઓ ગૃહસ્થોને ઘેર જઇ ભીખ માગતા. તેમનો આહાર વધારે હતો. નિત્ય આહાર માટે તેમને પાંચ સાત શેર અનાજની જરૂર પડતી. તેટલું અનાજ મળે તે લઇ તેઓ પોતાની ઝૂંપડીમાં જતા. પછી તે રોટી તેઓ શ્રીનાથજી બાવાની ધ્વજાની સન્મુખ રાખી દેતા. પછી તેમાં શ્રીનાથજીબાવાનું ચરણામૃત મેળવીને તેનો આહાર કરતા. અને પછી તરત જ તેઓ શ્રીનાથજીબાવાના મંદિરમાં પરિચર્યા (સેવા) કરવા પહોંચી જતા હતા.

ગોવિંદદાસની આવા પ્રકારની અહંકારયુક્ત સેવાથી શ્રીઠાકુરજી તેમના ઉપર અપ્રસન્ન રહેતા. એક દિવસ શ્રીઠાકુરજીએ શ્રીમહાપ્રભુજીને કહ્યું, તમારો સેવક ગોવિંદદાસ મને પોતાની સેવાથી અપ્રસન્ન કરે છે.

શ્રીમહાપ્રભુજીએ ગોવિંદદાસ પાસેથી બધી હકીકત સમજી લીધી. પછી કહ્યું, ગોવિંદદાસ, તું શ્રીનાથજીબાવાનો દાસ છે. સેવકે (દાસે) પોતાના સ્વામીનો પ્રસાદ લેવો જોઇએ, શ્રીનાથજીના બધા સેવકો અહીં મંદિરમાંથી જ પ્રસાદ લે છે. તું એ પ્રમાણે શા માટે કરતો નથી ?

ગોવિંદદાસે કહ્યું, મહારાજ, એ તો દેવઅંશ કહેવાય, હું દેવઅંશ કેવી રીતે લઉં ? ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું જો મંદિરમાં પ્રસાદ ન લેવો હોય તો અમારી રસોઇમાંથી પ્રસાદ લેતો જા, ગોવિંદદાસે કહ્યું, એ તો ગુરુઅંશ છે, હું ગુરુઅંશ કેવી રીતે લઉં ?

ગોવિંદદાસના શબ્દોમાં તેમનું અહં સ્પષ્ટ રીતે દેખાઇ આવતું હતું. દેવઅંશ અને ગુરુઅંશના નામ પર તેઓ પોતાને અન્ય વૈષ્ણવોથી, મંદિરના બીજા બધા સેવકોથી, ઊંચા અને અનોખા વૈષ્ણવ સમજતા હતા.

આ સાંભળી શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી, જો એમ છે તો તું મંદિરની સેવા છોડી દે સેવક પોતાના સ્વામીની સેવા કરે છે અને સ્વામી દ્વારા

આપેલી વસ્તુઓનો જ ઉપયોગ કરી શકે છે, અન્ય વસ્તુઓનો ઉપયોગ તે કરી શકતો નથી. સમર્પિત અને અસમર્પિતનો ભાવ આવો છે. પરંતુ અહંથી ભરેલ ગોવિંદદાસ તેનો ભાવ ન સમજ્યા. તેમણે સેવા છોડી, અહંને વળગી રહ્યા.

ગોવિંદદાસે શ્રીનાથજીની સેવા છોડી, ગુરુદેવ શ્રીવલ્લભની આજ્ઞાનો અનાદર કર્યો. સેવા છોડી, તેઓ મથુરા ચાલ્યા ગયા. પરંતુ તે દૈવી જીવ તો હતા જ. સેવા વગર ન રહી શક્યા તેઓ શ્રીકેશવરાયજીના મંદિરમાં જઇ મર્યાદામાર્ગીય સેવા કરવા લાગ્યા.

એક વખત ભગવાન શ્રીકેશવરાયજીની શૈયામાં પાટી ભરવાની હતી. ગોવિંદદાસે પાટી ભરનારને બોલાવી મંગાવ્યો. પાટી ભરનારે પૂરા પ્રેમથી શ્રીઠાકુરજીની શૈયાની પાટી ભરી. શૈયા બહુ સરસ બની ગઇ. સૌ કોઇ તેની પ્રશંસા કરવા લાગ્યા.

થોડા દિવસ પછી મથુરાના હાકેમે એ જ પાટી ભરનાર પાસે પોતાના પલંગની પાટી ભરાવી પરંતુ તે સુંદર ન બની. કોઇકે હાકેમને કહ્યું આ પાટી ભરનારે શ્રીકેશવરાયજીની શૈયાની પાટી ભરી છે તે બહુ સુંદર છે. શ્રીઠાકુરજીની શૈયા જોવા માટે હાકેમ શ્રીકેશવરાયજીના મંદિરમાં ગયો. ઠાકુરજીની શૈયા જોઇ ખુશ થયો અને શૈયા ઉપર બેઠો. પોતાના શ્રીઠાકુરજીની શૈયા ઉપર એક વિધર્મી હાકેમને બેઠેલો જોઇ ગુસ્સે થઇ, ગોવિંદદાસે પોતાના હથિયારથી હાકેમનો વધ કર્યો. હાકેમના અંગરક્ષકોએ ગોવિંદદાસને મારી નાખ્યા મથુરાના વૈષ્ણવોએ ગોવિંદદાસનો અંતિમ સંસ્કાર કર્યો.

કોઇ વૈષ્ણવોએ આ બધો પ્રસંગ શ્રીમહાપ્રભુજીને કહી સંભળાવ્યો અને પૂછ્યું, મહારાજ, ગોવિંદદાસ તો દૈવીજીવ હતા. વળી તે આપશ્રીના સેવક હતા તેઓ નિવેદિત જીવ હતા તેમ છતાં તેમનો આવો અંત શા માટે થયો?

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, ગોવિંદદાસ દૈવીજીવ હતા, અમારા

સેવક હતા, નિવેદિત જીવ હતા એ બધી વાત સાચી છે. આટલું હોવા છતાં તેમનામાં અહંનો ભારે મોટો દોષ હતો. સેવકમાં અહમ્ હોય તે પ્રભુ બરદાશ્ત ન કરે સેવકનું અસ્તિત્વ પોતાના સ્વામીમાં નિહિત છે. વળી તેમણે ગુરુઆજ્ઞાનો અનાદર પણ કર્યો છે તેનું આ પરિણામ છે.

તેમ છતાં યાદ રાખો - તે નિવેદિત જીવ છે, સ્વામી શ્રીકૃષ્ણ સાથે તેમનો સંબંધ સ્થાપિત થઈ ચૂક્યો હતો. એકવાર બ્રહ્મસમ્બન્ધ થાય પછી તે સંબંધ કદી તૂટતો નથી. તેથી ગોવિંદદાસની લૌકિકમાં આવી ગતિ ભલે થઈ હોય, અલૌકિકમાં તો તેની ગતિ નિજ સ્વામી શ્રીકૃષ્ણમાં જ થઈ શકે છે.

શ્રીમહાપ્રભુજીનાં આ વચનોથી બધા વૈષ્ણવોના મનનું સમાધાન થયું.

* * *

(૮) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીપ્રભુદાસ

(મુક્તિથી યે મહાન છે પુષ્ટિભક્તિ)

જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીના અનન્ય સેવકો એવા ૮૪ વૈષ્ણવોમાંના એક છે પરમ ભગવદીય વૈષ્ણવ શ્રીપ્રભુદાસ.

નામ તેવા ગુણ એ ન્યાયે તેઓ ખરેખર જ પ્રભુના દાસ હતા. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેમને શ્રીઠાકોરજીનો સાક્ષાત્કાર થયો હતો. પ્રભુ શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ દર્શન આપીને તેમની સાથે વાતચીત પણ કરતા અને સેવામાં એમને જે જોઈતું હોય તે પ્રભુદાસ પાસે માંગી લેતા. એમની ઘરસેવામાં શ્રીઠાકોરજી મૂર્તિરૂપે નહીં પણ સાક્ષાત્ બિરાજતા.

પ્રભુદાસ પણ પોતાના ઠાકોરજીની સેવા પ્રેમ અને આદરથી કરતા. રાજભોગમાં શ્રીઠાકોરજીને શું આરોગવું છે તે તેઓ પોતાના ઠાકોરજીને પૂછી લેતા અને ઠાકોરજીની રુચિ અનુસાર સામગ્રી સિદ્ધ કરીને તેનો ભોગ તેઓ શ્રીઠાકોરજીને ધરતા. તેઓ શ્રીમહાપ્રભુજીની પાસે જ રહેતા અને ગુરુ આજ્ઞાનું પૂરા પ્રેમથી પાલન કરતા રહેતા.

એક દિવસની વાત છે એ દિવસ દાનએકાદશીનો હતો. દાન એકાદશીને દિવસે પ્રભુને ભોગમાં દહીં તો અવશ્ય જોઈએ. શ્રીમહાપ્રભુજી શ્રીગોવર્ધનધારી શ્રીનાથજીનો શ્રૃંગાર કરી રહ્યા હતા, એવામાં આપશ્રીને મનમાં ખ્યાલ આવ્યો કે આજે ઠાકોરજીને દહીં સમર્પણ કરવાનું છે. પ્રભુદાસ સેવામાં ઉપસ્થિત હતા. શ્રીમહાપ્રભુજીએ પ્રભુદાસને આજ્ઞા કરી, પ્રભુદાસ ! ઠાકોરજીને ભોગ માટે દહીં જોઈશે. ગમે ત્યાંથી તાજું મીઠું સ્વાદિષ્ટ દહીં લઈ આવો.

આજ્ઞા મળતાં જ પ્રભુદાસ દહીં શોધવા નીકળ્યા. દહીં તો કોઈના પણ ઘરમાંથી મળી શક્યું હોત, પણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા હતી કે દહીં તાજું મીઠું જોઈએ. એટલે એમણે તો ગોવાળોના ઘરોમાં જઈને પૂછવા માંડ્યું, દહીં છે ? છે તો કેવું છે ? આજનું જ મેળવેલું છે ? ખાટું તો નથી ને ? આમ તેઓ અનેક પ્રશ્નો પૂછતા અને દહીં પસંદ ન પડતાં આગળ નીકળી જતા.

આમ મનમાં દહીંના જ વિચારો કરતા તેઓ ચાલતા હતા એવામાં એમણે એક મહિયારણ (દહીં-દૂધ વેચનારી)ને જોઈ. પોતાને માથે મટુકી મૂકીને તે દહીં વેચવા નીકળી હતી. પ્રભુદાસ ઝડપથી તેની પાસે પહોંચ્યા. જઈને પૂછ્યું, મહિયારી ! તારી પાસે દહીં તો છે, પણ કેવું છે ? મારે તો તાજું મીઠું દહીં જોઈએ, ઠાકોરજી મારા ખાટું દહીં નથી આરોગતા.

ગોવાલણ પ્રભુદાસને ઓળખતી હતી. એણે કહ્યું, મહારાજ, મારી પાસે જે દહીં છે તે તો દહીં નહીં, અમૃત છે અમૃત. તાજું છે ને મીઠું છે એને આરોગીને તો ઠાકોરજી પ્રસન્ન થઈ જશે.

મહિયારણના શબ્દો સાંભળતાં જ પ્રભુદાસ ખુશ થઈ ગયા. એમણે કહ્યું, બાઈ ! દહીંની મટકી જ મને આપી દે. મારા પ્રભુ એને આરોગશે, અને પછી ઝટ પૂછ્યું, આના તને શું દામ આપું ? પ્રભુને પ્રસન્ન કરી દે એવા દહીંની મટકી સાટે તારે જે જોઈએ તે માંગ. ભોળી ભરવાડણ કટાક્ષના સ્વરમાં કહે, પ્રભુદાસજી ! તમે તો એવી રીતે બોલો છો કે જાણે દહીંના મોલમાં તમે મને મુક્તિ આપી દેવાના હો !

પ્રભુદાસે કહ્યું, અરે, હું શ્રીમહાપ્રભુજીનો સેવક છું. જે જોઈએ તે માંગી લે. પ્રભુની પ્રસન્નતાના બદલામાં તો જે જોઈએ તે મોલ તારા મોંએ માગી લે, હું અવશ્ય તને આપીશ.

ગોવાળણ જાણતી હતી કે પ્રભુદાસજી શ્રેષ્ઠ વૈષ્ણવ છે અને એમના ઉપર શ્રીપ્રભુની ભારે કૃપા છે. સાથે જ એને એવો પણ વિશ્વાસ હતો કે આવા ભગવદીય વૈષ્ણવોના મુખમાંથી જે વચનો નીકળે તે સાચાં જ પડે છે.

ગોવાળણને પ્રભુદાસે માગવા કહ્યું અને ગોવાલણે પોતાની મતિ અનુસાર પ્રભુની પ્રસન્નતાના મોલ મૂક્યા મુક્તિ. એણે કહ્યું, પ્રભુદાસજી ! જો તમે આપી શકતા હો તો તો મને મુક્તિ જ આપી દો.

પ્રભુદાસે કહ્યું, મારા ગુરુદેવ શ્રીમહાપ્રભુજીના તરફથી હું તને મુક્તિ આપું છું. પણ ગોવાલણ તો પોતાના શુદ્ધ હૃદયના ભોળપણથી કહે છે, ખાલી મોંના શબ્દો નહીં, કાગળ પર મને લખીને આપો કે મેં તને મુક્તિ આપી. કેમ કે મૃત્યુ વખતે જો જમદુત આવે તો એમને બતાવવા માટે મારી પાસે સાબિતી શી ? એટલે પ્રભુદાસે તરત જ કાગળના ટુકડા પણ લખી આપ્યું કે હું પ્રભુદાસ, શ્રીમહાપ્રભુજીનો સેવક, મારા ગુરુદેવના પ્રમેયબળને સહારે આ ગોવાળણને મુક્તિ પ્રદાન કરું છું.

ગોવાલણીએ તો કાગળ લઈ લીધો અને દહીંની મટકી પ્રભુદાસના હાથમાં આપી દીધી. કાગળને એણે પોતાની લૂગડાને છેડે બાંધી દીધો. દહીંના બદલામાં મુક્તિ મેળવ્યાનો સંતોષ પામીને એ તો પ્રસન્ન ચિત્તે ત્યાંથી પાછી ફરી.

દહીં લઈને પ્રભુદાસ પણ પાછા આવ્યા. મટકી શ્રીમહાપ્રભુજીની સમક્ષ ધરી દીધી. શ્રીમહાપ્રભુજીએ શ્રીગોવર્ધનનાથને એ દહીંનો ભોગ ધરાવ્યો. દહીં ચાખતાં જ શ્રીગોવર્ધનનાથે એના ખૂબ ખૂબ વખાણ કર્યાં. શ્રીમહાપ્રભુજી પ્રભુદાસ પર બહુ પ્રસન્ન થયા. કહે, પ્રભુદાસ, ક્યાંથી લાવ્યો તું આવું દહીં જેની શ્રીમુખે સ્વયં પ્રશંસા કરી ? અને શું આપ્યું તે આવા દહીંના મોલમાં ? પ્રભુદાસે વિનમ્રતાથી બધી વાત શ્રીમહાપ્રભુજીને કહી સંભળાવી અને ઉમેર્યું, મહારાજ, દહીંની કિંમત તો ઘાણી ચુકવવી પડી, દહીંના બદલામાં મુક્તિ આપવી પડી. શ્રીમહાપ્રભુજીએ કહ્યું, પ્રભુદાસ ! આવા શુદ્ધ હૃદયના જીવને દહીંને બદલે મુક્તિ જેવી તુચ્છ વસ્તુ જ આપીને તોયે કહે છે કે ઘાણી

કિંમત ચૂકવવી પડી ? અરે પ્રભુદાસ ! તેં એને મુક્તિ શું કામ આપી ? ભક્તિ જ કેમ ન દીધી ? આવાં શુદ્ધ હૃદયવાળા ભોળા ભક્તોને તો ભક્તિ જ આપવી જોઈએ !

પ્રભુદાસ કહે, મહારાજ, એણે જે માંગ્યું તે મેં આપ્યું. એણે જો ભક્તિ માંગી હોત તો આપના પ્રતાપે એને ભક્તિ પણ આપી દેત. પણ એને શી ખબર, કે પ્રભુ પાસે શું માંગવું જોઈએ ?

હવે ગોવાલણનું શું થયું તે જોઈએ. પ્રભુદાસે લખી આપેલા પેલા કાગળને એ ભારે કાળજીથી સાચવતી. જ્યારે લૂગડું બદલે ત્યારે બદલેલા લૂગડાને છેડેથી એ કાગળ છોડીને નવા લૂગડાને છેડે બાંધી દે. એને માટે તો આ લાભ મામૂલી નહોતો, એ તો એના જીવનની અમૂલ્ય પૂંજી હતી.

વખત જતાં એ વૃદ્ધ થઈ. કાગળના અક્ષર પહેલાં વંચાતા હતા, પછી ઝાંખા થઈને છેવટે અદશ્ય પણ થઈ ગયા. એ અક્ષરો સ્થૂળ ચર્મચક્ષુથી વંચાય એવા ન રહ્યા, પણ દૈવી ચક્ષુઓ તો એને વાંચી શકતાં હતાં.

આજે હવે એ ઘરડી ગોવાલણીનો દેહાન્ત થવાનો હતો. ભોળીભાળી એ ગોવાલણે શુદ્ધ સાંસારિક જીવન વીતાવ્યું હતું. અંતકાળ આવ્યો એટલે યમરાજના દૂત એને આત્માને લેવા માટે આવી પહોંચ્યા. એના ગળામાં યમપાશ લાગવાનો જ હતો કે ભગવાન વિષ્ણુના પાર્ષદો ત્યાં પહોંચી ગયા. એમણે યમદૂતોને કહ્યું, લાગે છે કે યમરાજે એની લૂગડાને છેડે બાંધેલી ચિઠ્ઠી વાંચી નથી. આ ગોવાલણના આત્માને તમે નહીં લઈ જઈ શકો. એ તો વૈકુંઠમાં જવાની છે.

યમદૂતોએ જઈને યમરાજને બધું કહી સંભળાવ્યું. યમરાજે દિવ્ય ચક્ષુઓથી વાંચી લીધું. પ્રભુના દાસ અને શ્રીમહાપ્રભુજીના સેવકે આ ગોવાલણને મુકિત આપી છે. વાંચીને તેઓ આશ્ચર્યમાં પડી ગયા અને ભગવાનની પાસે પહોંચી ગયા.

ભગવાને યમરાજને કહ્યું, યમરાજ, હું તો મારા ભક્તોને આધીન છું. પ્રભુદાસે જે આપ્યું તે મને સ્વીકાર્ય છે.

અને ગોવાલણને મુક્તિ મળી ગઈ.

* * *